## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

મૉંઘવારી દોરડે ટૂંપો ખાઈ વેરા ભર્યા કરો !
ઉધારી કરીને વ્યાજના સકંજાથી મર્યા કરો !
ફર્યા કરો તમે ચૂંટણી - રેલી - પ્રચાર મેળે -
ખાયકી - કૌભાંડે જુગારે તિજોરી ભર્યા કરો !

હાઈકુ

સત્તા છે છતાં
કૂદે તોફાની ઘોડો -
ઢીલી લગામે
(વેરામાં રાહત નહીં)

ગેસના ચૂલા
પેટાવ્યા વિના પણ
બાળે છે હૃદય !
(સળગ્યું સિલીન્ડર)

### ચિંતન

દાતૃત્વં પ્રિયવકતૃત્વં ધીરત્વમુચિતજ્ઞતા ।
અભ્યાસેન ન લભ્યન્તે ચત્વારઃ સહજા ગુણા : ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંતી લેવામાં આવેલ છે.

મનુષ્યમાં ચાર વાતો સ્વાભાવિક રુપે હોય છે. દાન સેવાની ઈચ્છા, મધુર ભાષણ, સહનશીલતા અને ઉચિત અથવા ઉનઉચિતનું જ્ઞાન, આ ચાર વાતો વિશ્વમાં સહજ સ્વભાવના કારણે હોય છે. અભ્યાસથી આ ચાર ગુણ પ્રાપ્ત કરી શકાતા નથી.

વ્યક્તિ સ્વભાવથી નિઃસ્વાર્થ અને દાનશીલ હોય છે, આ બધા ગુણ ઈશ્વરની કૃપાથી મનુષ્યનો જન્મ થતા જ તેના સ્વભાવમાં આવી જાય છે. એના માટે અભ્યાસ કરવાનો કોઈ લાભ નથી.

### સુવિચાર

- એક બાજુ નિષ્ઠા અને બીજી બાજુ કાર્યક્ષમતા એ બંને જો છૂટાછેડા થઈ ગયા હોય તો હાલમાં ભારતની જેવી દશા છે તેવી વલે થાય - **ચંદ્રકાન્ત બક્ષી**
- આવડે મહેકાવતા તો જિંદગી ગુલઝાર છે, ઓળખો તો રોશની, ના ઓળખો તો અંધાર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મનુષ્ય નાની સરખી હવેલી ઊભી કરે તોય પોતાના નામ કોતરે છે, સર્વેશ્વરે સૃષ્ટિ રચી છતાંય ક્યાંક પોતાનું નામ નથી કોતર્યું - **સંત ઓગસ્ટીન**
- વિશ્વમાં જે વસ્તુ ઉત્તમ કહેવાય છે અને વિચારાય છે તે જાણવી તેનું નામ સંસ્કાર - **મેથ્યુ આર્નોલ્ડ**
- મોઢા ઉપરથી માનવી પારખવો એ પૂંઠા પરથી પુસ્તક પારખવા જેવું છે - **પાયેચ**
- તર્ક અને ટીકા કડવાશ વાવશે - **રમણ મહર્ષિ**
- આજનું ઔષધ : બે ચમચી લીંબુનો રસ અને એક ચમચી આદુના રસમાં ચપટી સાકર નાખી પીવાથી પેટની ચૂંક મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

એક શ્રમિક કામ પરથી આવે હાથપગ ધોઈ પાણી પીવા પણ ન રોકાય કારણ કે મંદિરમાં આરતીનો સમય થતો હોય. એક દિવસ સમયમાં તે મોડો પડ્યો અને આરતી પૂરી થઈ ગઈ હતી. તે મંદિરના પગથિયા ચડતો હતો અને ચહેરા પર નિરાશા હતી. તેને સામે પૂજારી મળ્યા અને કહ્યું, 'આજે મોડા પડ્યા? આરતી હમણાં જ પૂરી થઈ છે.' પૂજારીની વાત સાંભળી શ્રમિકે નિસાસો નાખ્યો. એટલે પૂજારીએ કહ્યું, 'ભાઈ!! મેં જ આરતી કરી તેનું ફળ હું તને આપી દઉં. પણ એક શરત, તારો આ નિસાસો મને આપી દે.' આ સાંભળી શ્રમિક તૈયાર થયો. મઘરાતે ઊંઘમાં શ્રમિકને સ્વપ્ન આવ્યું. ભગવાને આશ્ચર્ય પામી તેને કહ્યું, 'અરે, ભોળા ભગત. તે આજે મોટા નુકશાનનો ધંધો કેમ કર્યો ??' શ્રમિક મુંઝાઈ ગયો. તને કાંઈ સમજાયું નહીં. એટલે ભગવાન બોલ્યા. 'આજે તારો જે આરતી ચૂકી જવાનો જે નિસાસો હતો, એ તો અમૂલ્ય અને કીમતી હતો. પૂજારીના સમગ્ર જીવનની તમામ સેવાઓ કરતા પણ તે વધુ કિમતી હતો.' તું જાણે છે : મને સરળ હૃદયના ભોળા ભક્તની ભાવના આ બાહ્યાચાર કરતાં વધુ પ્રિય છે. પરમેશ્વરે આ રહસ્ય સમજાવવાને બદલે ભોળા ભાવિકને દર્શન આપ્યા.

# દૂંદાળા દેવનાં પાવન પગલાં

તંત્રીસ્થાનેથી...

ભારતીય સંસ્કૃતિના સર્વોપરિ દેવાધિદેવ છે મહાદેવ - ભોળાનાથ. પરંતુ ખુદ શિવજીએ પુત્ર ગણપતિને પ્રથમ સ્થાને સ્થાપીને ભવિષ્યની પેઢીઓ માટે એક શાશ્વત સંદેશ મૂકી દીધો છે. પુત્ર અને શિષ્ય પોતા કરતાં સવાયા પાકે એવું દરેક માતા-પિતા અને ગુરુ ઈચ્છે જ. સંતાન પ્રત્યેની આ સંવેદના છેક આદિદેવ મહાદેવથી ચાલી આવે છે. વળી બે સંતાનો વચ્ચે શારીરિક સ્તરે સરખાપણું ન હોય ત્યારે ખોડખાંપણ વાળા કે તકલીફ વાળા બાળકને ઓછું ન આવે એ રીતે વર્તવું જોઈએ એવી શીખ પણ કાર્તિકેય અને ગણપતિ વચ્ચેની સ્પર્ધામાં માતાપિતાએ આપેલ ચુકાદામાં સ્પષ્ટ રીતે વાંચી શકાય છે. મયૂરવાહન ધરાવતા બળવાન કાર્તિકેય પૃથ્વીની પ્રદક્ષિણા કરવા ઊપડી જાય છે ત્યારે મૂષક વાહન ધરાવતા ભારેખમ અદોદળી કાયા ધરાવતા લઘુબંધુને ઓચિંતો જ 'સ્પાર્ક' થાય : અરે માતાપિતાની પ્રદક્ષિણા એ જ વળી પૃથ્વીની પ્રદક્ષિણા ! આ અગમબુદ્ધિ આગળ રાક્ષસને સંહારનાર કાર્તિકેયનું બળ પણ પાણી ભરે. ગણપતિ શબ્દમાં જ આપણી ગણ રાજયની ભૂર્વ ભૂમિકા પણ પડેલી છે. ગણ એટલે સમૂહ, સમુદાય, કબીલો. એવા ગણોના અધિપતિ છે ગણેશ. એ મંગલમૂર્તિ છે.

લોકમાન્ય બાલ ગંગાધર ટિળકે મહારાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવનું લોકોત્સવનું સ્વરુપ આપી સ્વરાજયની ચળવળમાં ફેરવી દીધો છે. અંગ્રેજ જેવા કાબેલ શાસકને પમ એમનો આ કીમિયો સમજાયો નહોતો. મહારાષ્ટ્ર અને દક્ષિણનાં રાજયોમાં ગણપતિ પૂજા એ જુગજૂની પરંપરા છે. એનું અનુકરણ કાળક્રમે ગુજરાત સહિત દેશનાં અન્ય રાજયોમાં પણ શરૂ થયું. હવે ગણોશોત્સવ એટલી ઉદાર અને સર્વ સમાવેશી છે કે એમાં પોતાના ઈષ્ટ દેવતાની પણ મજાક મશ્કરીની છૂટ છે. ગણપતિને લોકો મનગમતો શણગાર કરે છે. ક્યારેક એમને ક્રિકેટરનાં પરિધાન પહેરાવે છે તો ક્યારેક સરહદ પર ઝઝૂમતા સૈનિકનાં. ગણપતિ વાંસળી પણ વગાડી શકે, દાંડિયા પણ રમી શકે. એ વર્તમાન લોકપ્રિય નેતાઓનો પહેરવેશ પણ પહેરી શકે. અરે, ક્યાંક તો એમને દારૂ ઢીંચતા પણ દર્શાવાયેલા છે. ટૂંકમાં આપણે આપણા લાડકા દેવને રમકડું સમજીને રમાડીએ છીએ, જમાડીએ છીએ અને પૂજીએ છીએ. કોરોનાકાળમાં ગણેશોત્સવ પર પ્રતિબંધ લદાયો હતો. ખુદ ગણેશ એ સમયે માસ્ક પહેરીને 'દો ગજ કી દૂરી' પાળતા હતા. એમને હવે વેકસીનના બે ડોઝ પણ લઈ લીધા છે. પરંતુ છતાં સબૂર ! બહૂ ફોર્મમાં આવી જવાની જરૂર નથી. મુંબઈ ચા રાજા કે લાલ બાગ ચા રાજાને પણ ખબર છે કે મુંબઈનાં વર્તમાન મહિલા મેયરે કોરોનાનું ત્રીજું વેવ શરૂ થઈ ગયું હોવાની જાહેરાત કરી દીધી છે. ગુજરાતમાં પ્રમાણમાં શાંતિ છે. એ શાંતિ જળવાઈ રહે અને દૂંદાળા દેવની ગરિમા તથા મહિમા પણ સચવાય એ રીતે સાર્વજનિક ગણેશોત્સવ ઊજવવાની સરકારે છૂટ આપી છે. એ છૂટનો દુરુપયોગ ન જ થવો જોઈએ. રૂમઝૂમ પગલે ગણેશોત્સવના પગલે નવરાત્રી પણ આવી રહી છે. રાજય સરકારે લોકોત્સવો માટે ઉદાર વલણ અપનાવ્યું છે તો સામે લોકોએ પણ એનો એવો જ સાનુકૂળ પ્રતિસાદ પાઠવી સંયમપૂર્વક ઉત્સવો ઊજવવા જોઈએ. મંગલમૂર્તિ ગણાધિપતિ સૌનું મંગળ કરે, એ જ શુભેચ્છા - એ જ અભ્યર્થના ! ગણપતિ બાપ્પા મોરિયા...

# હૃદય પરિવર્તનની પાવન કથા

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

મગધનાં સમ્રાટ બિમ્બિસાર શ્રેણિક ઈ.પૂ. ૫૪૪ થી ૪૯૩) નું શાસન હતું. એમણે જૈન ધર્મને રાજયાશ્રય આપેલો. એમનું પાટનગર રાજગૃહ હતું. એના ઈશાન ખૂણે ગુણશીલ ચૈત્ય અને ઉદ્યાન હતા. ઉદ્યાનમાં ભગવાન મહાવીર સ્વામી ચાતુર્માસમાં પધારે. રાજા પરિવાર સાથે એમનાં પ્રવચનનો લાભ લે.

નગરની ઉત્તરે વૈભાર પર્વત હતો. એની મોટી ગુફામાં ખૂંખાર અને ભયંકર ડાકુ રૌહિણેય રહે. એનો સાથી શબર હતો. એના પિતા લોહખૂર નામ. મરતી વખતે આદેશ આપેલો - 'તારે મહાવીર વાણી કાને ન ધરવી. એ અભણ ને લૂંટફાટના આપણા બાપીકા ધંધામાંતી પાછા વાળી દેશે.' એ નગરમાં આવે અને ત્રાસ વરતાવે. એટલો ચાલાક કે કોઈને હાથ ન આવે, એકવાર નગરમાં આવ્યો. મકરંદ ઉદ્યાનમાં વસંતોત્સવ હતો. એણે નક્કી કર્યું. 'આમાંથી સૌથી વધુ સુંદર તરુણી હોય, એનું અપહરણ કરી લઉં.' એણે પોતાના સાથીની મદદથી અપહરણ કર્યું; એ નાગરના શ્રેષ્ઠી ધન્ય સાર્થવાહની પુત્રી મદનવતી હતી, એને ઉઠાવીને ગુફામાં જતો રહ્યો. બીજો દિવસે થયો. નગરના ધનિક વેપારીની પુત્રી મનોરથના લગ્ન હતા. સૌ કોઈ લગ્નની ધમાલમાં હતા, અને એણે આ મનોરથને જ ઉઠાવી લીધો. અને ગુફામાં લઈ આવ્યો, ચાલક એવો કે કોઈને ખબર જ ન પડે.

હવે એણે રાજમહેલમાં જ ધાડ પાડવાનું નક્કી કર્યું. એ નગર તરફ આવતો હતો. ગુણશીલ ઉદ્યાનમાં ભગવાન મહાવીરની પ્રવચન સુધા વરસતી હતી. રૌહિણ્યે ત્યાંથી પસાર થયો. બંને કાનમાં આંગળીઓ ખોસી રાખેલી. એવામાં એને પગનાં તળિયામાં કાંટો વાગ્યો. એણે દાંતેથી કાંટો કાઢવાનો પ્રયત્ન કર્યો; પણ ન નીકળ્યો. એટલે એક કાનમાંથી આંગળી કાંઠી, એનાથી કાંટો કાઢ્યો. ત્યાં એણે મહાવીર વાણી સાંભળી. 'સ્વર્ગમાં દેવોનાં ચરણો ભૂમિને સ્પર્શતાં નથી.'

શ્રેણિક સમ્રાટની રાણી નંદાદેવી હતી તેનાથી પુત્ર હતો - અભયકુમાર. મહાજનોએ રાજાને ફરિયાદ કરી - 'કોઈક અજાણ્યો ડાકુ ત્રાસ આપે છે.' રાજાએ અભયકુમારને લાફો લગાવી દીધો. અભયકુમારે ખાતરી આપી. 'પાંચ દિવસમાં હું પકડી લઈશ.' ખરેખર સૈનિકોને હાથે રૌહિણેય પકડાઈ ગયો. મંત્રીએ યુક્તિ કરી. એને ચિક્કાર આસવ પાયો. અને કહ્યું, 'આ સ્વર્ગ છે, તમારું સ્વર્ગમાં સ્વાગત છે. પણ તમે તમારા શુભ અને અશુભ કાર્યો ગણાવી દો.'

મહાવીર વાણી કાને પડી હતી, એટલે ડાકુને ખબર પડી ગઈ કે, આ સ્વર્ગ નથી. મારા ગુનાઓ બોલી જાઉં, એવી યુક્તિ છે.' એણે શુભ કાર્યો જ ગણાવ્યાં, કહ્યું, 'કર્મો અશુભ હોત, તો સ્વર્ગમાં સ્થાન જ મળ્યું ન હોત.' એ બચી તો ગયો. પણ એણે મનમાં ત્રિરાશી માંડી - 'જો અજાણપણે, ભરપૂર અનિચ્છા સાથે કાને પડેલી મહાવીર વાણી મને બચાવી લેતી હોય, તો સભાનપણે મહાવીર વાણી જીવનમાં ઉતારું, તો મારો કેવો ઉદ્ધાર થઈ જાય?'

એણે બધા અપરાધો કબૂલી લીધા. રાજાને ગુફામાં લઈ ગયો. વસ્તુઓ સોંપી દીધી. રાજા પાસે મહાવીરની ચરણસેવાની મંજૂરી લઈ લીધી. અને ભગવાન મહાવીરની સેવામાં પરાયણ થઈ ગયો.

# થાઈરોઈડ ગ્રંથિ શરીરમાં ક્યાં આવેલી છે?

## વિજ્ઞાન જગત

ખજાનો
અનિલ પટેલ

૧ ખરતો તારો કયા નામે ઓળખાય છે?
(અ) ઉલ્કા (બ) ધૂમકેતુ
(ક) લઘુગ્રહ (ડ) શિલા

૨ થર્માસની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?
(અ) મેરીક્યુરી (બ) જેમ્સ ડેલર
(ક) રોબર્ટ હૂક (ડ) જહોન બેઈર્ડ

૩ દુર્ઘટનાથી વિકૃત થયેલા ચહેરાને સરખો કરવાની પદ્ધતિ કયા નામે ઓળખાય છે?
(અ) હાર્ટ સર્જરી (બ) ઓપન સર્જરી
(ક) પ્લાસ્ટિક સર્જરી (ડ) માઈક્રો સર્જરી

૪ સ્ટીમ એન્જીનની શોધ કોણે કરી હતી ?
(અ) સ્ટીવન્સન (બ) પાસ્કલ
(ક) જે જે થોમસન (ડ) જેમ્સ વોટ

૫ રેલવે એન્જીનની શોધ કોણે કરી હતી ?
(અ) સ્ટીવન્સન (બ) એડિસન
(ક) જેમ્સ વોટ (ડ) રૂડોલ્ફ ડીઝલ

૬ નીચેનામાંથી કયો રોગ પાણીથી ફેલાતો નથી?
(અ) ટાઈફોઈડ (બ) મરડો
(ક) કોલેરા (ડ) મેલેરિયા

૭ હાડકાં મજબૂત બનાવવા કયા તત્ત્વની જરૂર હોય છે?
(અ) એસિડ (બ) બેઝ
(ક) ક્ષાર (ડ) વિટામીન

૮ ચલચિત્રની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?
(અ) એસિડન (બ) જગદીશ ચંદ્ર બોઝ
(ક) માર્કોની (ડ) ફેરાડે

૯ થાઈરોઈડ ગ્રંથિ શરીરમાં ક્યાં આવેલી છે ?
(અ) નાકમાં (બ) નાના મગજમાં
(ક) ગળામાં (ડ) લીવરમાં

૧૦ પેન્સિલની બનાવટમાં શું વપરાય છે?
(અ) કોલસો (બ) ગ્રેફાઈટ
(ક) સ્લેટ પથ્થર (ડ) કાળી શાહી

૧૧ બહેરા માણસને સાંભળવા માટે વપરાતા સાધનને શું કહે છે?
(અ) ઓડોફોન (બ) ઈયર ફોન
(ક) મેગાફોન (ડ) ઓડિયો એમ્લીફાયર

૧૨ પાણીના પ્રવાહનું માપન શામાં થાય છે ?
(અ) ઘનફુટ (બ) ઘન મીટર
(ક) ઘન લીટર (ડ) ક્યુસેક

૧૩ થર્મોમીટરના શોધક કોણ હતા ?
(અ) ગેલેલિયો (બ) ન્યુટન
(ક) થોસમ આલ્વા એડિસન (ડ) ગ્રેહામ બેલ

૧૪ નોબલ પ્રાઈઝ જેમના નામે છે તે આલ્ફ્રેડ નોબલે કઈ શોધે કરી હતી ?
(અ) ગન પાવડર (બ) તોપની
(ક) ડાયનેમાઈડ (ડ) એ. કે. ૪૭ રાઈફલ

૧૫ જયોર્જ ઈસ્ટમેન કઈ શોધ માટે જાણીતા થયા ?
(અ) ટી.વીં (બ) કેમેરા
(ક) ફિલ્મ પ્રોજેક્ટ (ડ) ગ્રામોફોન

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ**

- ૧૦ સપ્ટેમ્બર :
  - ભારતરત્ન સન્માનિત સમાજસેવી ગોવિંદ વલ્લભ પંતનો જન્મદિવસ (૧૮૮૭)
  - જરકેન રમીશ નોર્થ અમેરિકાના જેમ્સટાઉનના પ્રેસીડેન્ટ તરીકે નિયુક્ત થયા (૧૬૦૮)
  - દુનિયાનું સૌથી પાવરફુલ પાર્ટીકલ એસેલેટર હાઈડ્રોન કોલીડેરનું સફળ પરિક્ષણ થયું (૨૦૦૮)
  - અમેરિકન વૈજ્ઞાનિક એલીસ હોવેએ સિલાઈ મશીન પેટન્ટ કરાવી (૧૮૪૬)
- ૧૧ સપ્ટેમ્બર :
  - રણજીતરામ સુવર્ણચંદ્રક સન્માનિત હાસ્ય લેખક જયોતિન્દ્ર દવેનું નિધન (૧૯૮૦)
  - અમેરિકાના વર્લ્ડ ટ્રેડ પર આતંકવાદી હુમલામાં ૩૦૦૦ થી વધુના મોત (૨૦૦૧)
  - ઈંગ્લીશ લેખક ડી. એચ. લોરેન્સનો જન્મદિવસ (૧૮૮૫)
  - ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ વચ્ચે આવેલ ચેનલ ટનલમાં આગ લાગવાથી કેટલીક સેવાઓ બંધ કરાઈ (૨૦૦૮)
- ૧૨ સપ્ટેમ્બર :
  - અખંડ સેવાવ્રતધારી તારીક્ષિતલાલ મજમુદારનું નિધન (૧૯૬૫)
  - પ્રથમ આફ્રિકન, અમેરિકન મહિલા મે-જેમીસને અવકાશમાં ગયા (૧૯૯૨)
  - સ્વ. વડાપ્રધાન ઈંદિરા ગાંધીના પતિ ફિરોઝ ગાંધીનો જન્મદિવસ (૧૯૯૨)
  - સાઉથ આફ્રિકન એક્ટીવીસ્ટ સ્ટેવ બાઈકોનું અવસાન (૧૯૭૭)
- ૧૩ સપ્ટેમ્બર :
  - ભારતીય કલા અને સંસ્કૃતિની નવ પ્રતિષ્ઠા કરનાર ડૉ. આનંદકુમાર સ્વામીનું નિધન (૧૯૪૭)
  - જાણીતા આફ્રિકન અમેરિકન લેખક, શિક્ષણશાસ્ત્રી અને ફિલોસોફર એલીન લોકનો જન્મદિવસ (૧૮૮૬)
  - બેટલ ઓફ ક્યુબેકની લડાઈમાં ફ્રેન્ચની હાર (૧૭૫૯)
  - ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેનવોર્નનો જન્મદિવસ (૧૯૬૯)
- ૧૪ સપ્ટેમ્બર : હિન્દી દિવસ / અંધજન દિવસ
  - ભારતીય ક્રિકેટર રોબિન સિંહનો જન્મદિવસ (૧૯૬૬)
  - મેક્સિકન-અમેરિકન યુદ્ધ દરમિયાન અમેરિકાના મેક્સિકો સિટી પર કબજો કરવામાં આવ્યો (૧૯૮૭)
  - 'ડિવાઈન કોમેડી' જેવા અમર મહાકાવ્યના સર્જક જાણીતા ઈટાલિયન કવિ દાન્તેનો જન્મદિવસ (૧૩૨૧)
  - રશિયન ફોઝીયોલોજીસ્ટ, નોબેલ પુરસ્કાર વિજેતા ઈવાન પાવલોવનો જન્મદિવસ (૧૮૪૯)
- ૧૫ સપ્ટેમ્બર : એન્જીનીયર ડે
  - 'ભારત રત્ન' સન્માનિત 'કૃષ્ણરાજસાગર ' બંધના નિર્માણમાં યોગદાન આપનાર એન્જીનીયર મોક્ષગુકમ વિશ્વેશ્વરૈયાનો જન્મદિવસ (૧૮૬૧)
  - રાજકુમારી ડાયનાના પુત્ર પ્રિન્સ હેરીવેલ્સનો જન્મદિવસ (૧૯૮૪)
  - 'દેવદાસ' અને 'પરિણીતા' જેવી અમર રચનાઓના સર્જક શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મદિવસ (૧૮૭૬)
  - નવી દિલ્હીમાં ટીવીનું પ્રસારણ શરૂ થયું (૧૯૫૯)
- ૧૬ સપ્ટેમ્બર : વિશ્વ ઓઝોન દિન
  - ઈન્ગીસ જહાન મેકલાવર અમેરિકા તરફ જવા રવાના તયું (૧૬૨૦)
  - મશહુર અમેરિકન નાટ્યકાર એડવર્ડ એલ્બીનું ૬૬ વર્ષની વયે નિધન (૨૦૧૬)
  - મોહમદ ઝીયા-ઉલ-હક પાકિસ્તાનના પ્રમુખની જાહેરાત થઈ (૧૯૭૮)
  - 'પદ્મભૂષણ' સન્માનિત ગાયિકા સુબ્બો લક્ષ્મીનો જન્મદિવસ (૧૯૧૬)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

બાબરી મસ્જિદ ધ્વંસની ઘટના વખતે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી કોણ હતા ?

જવાબ : કલ્યાણસિંહ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) કનૈયાલાલ એમ સુથાર : સે-૨૬ (૪) પાર્થ પી પટેલ - સે-૫ (૫) ઋજિત રાવલ : સે-૭ (૬) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા. કૉલેજ (૭) શિવાંગ પટેલ : ઈસનપુર મોટા

**આ સપ્તાહનો સવાલ**

તાજેતરમાં કિસાન નેતાઓની મહાપંચાયત કયા શહેરમાં યોજાઈ હતી ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# નવાજૂની શું છે ?

હળવે હૈયે
પ્રકાશ લાલા

'અંકલ, કેમ છો તમે ને અંકલી... સોરી... કાકી.. નગરના શું નવાજૂની છે?'

'પનુભાઈ, તમારાં કાકી મજામાં છે... હું તમારા ઘરની રોજ સવારની ચા વિના ક્યાંથી મજામાં હોઉં, હેં ? ને નગરના નવાજૂનીમાં તો પનુભાઈ, લગ્નની તારીખ આવી ગઈ છે... મૂરતિયાઓ તો રાહ જોઈને બેઠા જ હતા. એટલે આ બધા મૂરતિયાઓ, એમના અણવરોને એમનું સાંજન-માજન ઉત્સાહમાં થનગની રહ્યું છે.' દેશાવર બેઠેલા અમે લાકાકાકા અને ગાંધીનગરના ખબર-અંતર જાણવા વોટ્સએપ કોલ કર્યો. જવાબમાં રેડ અંકલે કંઈ ન સમજાય એવી વાત કરી. 'અંકલ, શેની વાત કરો છો? કોઈ સમૂહ લગ્નની વાત છે ? લગ્ન ને એય ભાદરવામાં ?' અમે લાલાકાકાની વાતને પામવા પ્રશ્નો કર્યા. 'પનુભાઈ, હવે આ જમાનામાં તો અમાસ સું ને ભાદરવો શું ? બધું જ ચાલે છે... ગોરબાપાને કહો ત્યારનું મુહૂર્ત' આ શ્રેષ્ઠ મુહૂર્ત છે... તમે તમારે કરો કંકુના' કહીને કાઢી આપવા રેડી જ હોય છે... બસ, એમનું ગજવું ગરમ કરવાની ત્રેવડ યજમાનમાં હોવી જોઈએ, સમજ્યા ? અમારે કહેવું પડ્યું કે 'લાલાકાકા, તમારી આ વાત તો અમે સમજ્યા.... બરાબર સમજ્યા... પણ પહેલાં મૂરતિયાઓ ને લગ્નની તારીખ એવી બધી જે અગડં બગડં વાતો કરી એ હજી નથી સમજાઈ... અ તમે સમજાવો !' 'ધત્ત તેરી કી, પનુભાઈ... પરદેશ જઈને તમારા મગજનું પાવર હાઉસ ધીમું પડી ગયું છે કે શું ? આટલું ન સમજાણું ?' ગાંધીનગરમાં અમારી ગેરહાજરીના કારણે રોજની મફતિયા ચા ગુમાવવાના રોષ રેડ અંકલે આવું કટાક્ષબાણ ફેંકીને કાઢ્યો.'

'અંકલ' અમે કહ્યું : 'અહીં ઠંડીના કારણે મારું પાવર હાઉસ કદાચ ઠરી જઈ શકે... પણ તમારું મગજ બહુ જોરદાર ચાલે છે તે ખબર છે એટલે હવે ઉખાણઆ કર્યા વિના વાતની સ્પષ્ટતા કરો...' 'શું તમે પણ... પનુભાઈ....' કહેતા લાલાકાકા હસી પડ્યા ને પછી બોલ્યા : લગ્નની તારીખ એટલે કોરોનાના કારણે અટકેલી મહાનગર પાલિકાની ચૂંટણીની નવી જાહેરા કરેલી તારીખ. કોર્પોરેટર બનવા - ચૂંટણી લડવા - ઘોડે ચઢેલા ઉમેદવારો તે મૂરતિયાઓ... એમના ટેકેદારો, ચૂંટણી પ્રચારમાં સાથે દોડતા સૌ એમના અણવરોને સાજન માજન કહેવાય કે નહીં ? 'રાઈટ ! તો પછી અંકલ, આપણે શું કહેવાઈએ?' 'આપણે ને....? આપણે આમાં હઈસો હઈસો કરીએ તો 'બેગાની શાદી મેં અબ્દુલા દિવાના...' કહેવાઈએ અથવા તીરે બેરીને બધો તમાશો જોનારા, બીજુ શું !!' લાલાકાકાએ લાંબો જવાબ દીધો ને પછી પ્રશ્ન કર્યો : 'નગરની નવાજૂની તો મેં તમને સંભળાવી, પનુભાઈ.... હવે તમારા ત્યાંથી - લંડનની સંભળાવો.' 'લાલાકાકા, ઈંગ્લેન્ડને યુનાઈટેડ કિંગ્ડમના પાટનગરનું આ લંડન શહેર આખું જ ઢગલાબંધ નવા અને જૂનાથી ભરેલું છે, બોલો !' 'એટલે ?'

'સમજાવું અહીં નવામાં કપડાં, જવેલરી, એક્સેસરીઝ બધામાં જગત આખાની નીત નીત નવી ફેશનો જોવા મળે એ નવું... નવાં નવાં ગેઝેટ્સ કહેતા ઉપકરણો - યંત્રો, નવાં મ્યુઝિક, નવા મનોરંજનો, નવાં ફુડ, જોવા - માણવા મળે એ નવું...' 'લે કર વાત. પનુભાઈ, તમારા લંડનમાં બધું રોજ નવું હોય તો પછી જૂનામાં...?' 'અંકલ, જૂનું તો અહીં ભરપૂર છે. ૨૦૦૦ વર્ષ જૂના લંડન શહેરોનો ઈતિહાસ આપણને છેક રોમન કાળ સુદી લઈજાય છે... એટલે અહીં ૫૦૦-૧૦૦૦ વર્ષ પુરાણાં પણ સારી રીતે સચવાયેલાં સંખ્યાબધ મહેલો, કિલ્લાઓ, ગાઢ જંગલો ને બગીચાઓ છે.'

અહીંના મ્યુઝિયમ્સમાં સદીઓ જૂનાં વસ્ત્રો, જૂનાં હથિયારો, જૂનાં વાસણો, જૂનાં પેઈન્ટિંગ ને ફર્નિચર્સ એવું કેટકેટલું જોવાનો લહાવો મળે... એ જૂનું !'

'વાહ.... તો તો ભારે મજા પડી જાય, નહીં ?' 'હાં, અંકલ, પણ એ માટે પગ સાબૂત જોઈએ હોં ?' અમે કહ્યું... તો રેડ અંકલે કોમેન્ટ કરી : 'કેમ એ બધું જોવા ઘેરથી છેક ત્યાં સુધી ચાતા જવાનું હોય છે ?'

'ના, કાર, બસ કે ટ્રેઈનમાં જઈએ... પણ બસ સ્ટેન્ડ કે સ્ટેઓશનથી આ જોવાનાં સ્થળો સુધી તો ચાલવું પડે કે નહીં ? અને કારમાં જઈએ તો ય અહીં આપણા જેવું નહીં કે છેક સુધી ગાડી લઈ જઈ, મન ફાવે ત્યાં, રોડ બ્લોક થઈ જાય એમ, પાર્ક કરીને દોડી જવાય જોવા ! અહીં નક્કી કરેલા પાર્કિંગ લોટમાં જ કાર પાર્ક કરવી પડે... એ ય ખાસ્સું દૂર હોય ને કલાકના હિસાબે પાર્કિંગ ચાર્જ પણ ચૂકવવા પડે...'

'આ તો ભારે ઉપાધિ !! યહ બાત ઠીક નહીં હૈ' અંકલ ઉવાચ... 'કાકા, ઉપાધિ નથી આ સૌ માટે સગવડરુપ છે... આપણે ત્યાં બેંક કે શોપ્સની સામે જ રોડ ઉપર જ એક જણ ગાડી પાર્ક કરીને અંદર જતો રહ્યો હોય તો પછી આવેલાઓને ગાડી કાઢવામાં કેવી તકલીફ પડે છે... ને એવું આપણે કર્યું હોય તો આપણી પછી આવનારાઓને ય એ ત્રાસરુપ નથી બનતું ? એનાં કરતાં અહીંની સિસ્ટમ સારી બધા માટે સગવડરુપ.' અમે લાલાકાકાને સમજાવ્યું... 'હા પણ.... પૈસા આપવાનાને !' બધું મફતિયું શોધવાની મેન્ટાલિટીવાળા રેડ અંકલે બળાપો કાઢ્યો... 'માત્ર પાર્કિંગના જ નહીં, બધું જૂનું જોવાનીય પૈસા ખર્ચીને ટિકિટ લેવી પડે.... એટલે જ અહીં નવું -જૂનું જોવા બહુ મળે પણ પગ ને પાકિટ મજબૂત હોવા જોઈએ!' 'હં... યે કુછ અચ્છી બાત નહીં હૈ...' રેડ અંકલ ફોનમાં બબડ્યા ને પછી બોલ્યા : 'પનુભાઈ, બહાર મૂરતિયાઓ મત માગવા ઢોલનગારા લઈને આવ્યા લાગે છે એટલે અવાજ બહુ આવે છે... વધુ વાતો આવતા અંકે.... એટલે કે હવે તમારા નેક્સ્ટ વોટ્સએપ કોલે.... ઓ.કે.? ત્યાં સુધી સાબુત પગે અને ભરેલા પાકિટ સાથે એન્જોય નવાજૂની ઓફ લંડન, ડિયર.... બાય .... બાય.... ' અચાનક ઈંગ્લીશ મીડિયમે ચઢી ગયેલા રેડ અંકલે આટલું કહી, જાણે એમના મોબાઈલનું મીટર ચઢતું હોય એમ એમનો મોબાઈલ બંધ કરી દીધો !!